
## प्रणम्य शिरसा देवं गौरीपुत्रं विनायकम्। भक्तावासं स्मरेन्नित्यायुष्कामार्थसिद्धये॥

**અર્થ : ગૌરીપુત્ર વિનાયકને મસ્તક નમાવીને પ્રણામ કરો, જે ભક્તોના હૃદયમાં નિવાસ કરે છે. તેમના નિત્ય સ્મરણથી આયુ, કામના અને અર્થની સિદ્ધિ થાય છે. લાભ: ગહન સંકટ અને ભય દૂર થાય છે; દીર્ઘાયુ અને ઉત્તમ સ્વાસ્થ્યની પ્રાપ્તિ.**


બાળ ઇચ્છા યુવક મંડળ ,આજવા રોડ



અમિત પાર્લીકર, ગણપતિ ડેકોરેશન, ભાયલી


વડોદરાના મહારાજા માંજલપુર


ઈચ્છાપૂર્તિ ગણેશજી, માંજલપુર


યુવા શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ માંજલપુર


નવયુગ મિત્ર મંડળ પૌવાવાલા ગલી


કોયલી ફળિયા યુવક મંડળ, નવા બજાર


મારુતિ ધામ યુવક મંડળ માંજલપુર


માતૃછાયા ચેરીટેબલ ટ્રસ્ટ,સુભાનપુરા

### વડોદરા રેલ મંડળની સુરક્ષામાં ઐતિહાસિક સિદ્ધિ

# ૪૧ રાઈટ હેન્ડ સિગ્નલ ડાબી બાજુ કરાયા, હવે ૧૦૦% મુખ્ય સિગ્નલ LH સાઈડ પર

BEFORE




AFTER




( પ્રતિનિધિ ) વડોદરા,તા.21
રેલ પરિચાલનની સુરક્ષાને વધુ સુદ્રઢ બનાવવા વડોદરા રેલ મંડળે મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકેના માર્ગદર્શન હેઠળ સિગ્નલિંગ અને દૂરસંચાર વિભાગે મંડળના કાર્યક્ષેત્રના તમામ મુખ્ય સિગ્નલોને લોકો પાયલટની ડાબી બાજુ લેફ્ટ હેન્ડ સ્થાપિત કરી દીધા છે. આ માટે બાકી રહેલા 41 રાઈટ હેન્ડ સિગ્નલોને તબક્કાવાર LH માં સ્થાનાંતરિત કરાયા હતા. મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકેએ જણાવ્યું હતું કે, સિગ્નલ ડાબી બાજુ થવાથી લોકો પાયલટ માટે દશ્યતા અને ઓળખ વધુ સહજ બની છે, જેથી સિગ્નલ અંગેના ભ્રમની શક્યતા ઘટશે અને સુરક્ષિત પરિચાલનને મજબૂતી મળશે. સમગ્ર મંડળમાં એક સમાન વ્યવસ્થા થવાથી પરિચાલન વધુ સરળ બન્યું છે. રેલવે બોર્ડની સંરક્ષા બેઠકોમાં આરએચ સિગ્નલો દૂર કરવા ભાર મૂકાયો હતો. ડાબી બાજુ સિગ્નલ હોવાથી પાયલટને વારંવાર જમણી બાજુ જોવું પડતું નથી, જેથી ટ્રેક અને સિગ્નલ પર ફોકસ વધુ રહે છે અને ખોટા સિગ્નલ જોવાની ભૂલ નિવારી શકાય છે. આ કઠિન કામ વરિષ્ઠ અધિકારીઓના સ્થળ નિરીક્ષણ બાદ સ્થાનિક પરિસ્થિતિ મુજબ ઉકેલ લાવી પૂર્ણ કરાયું છે. સિગ્નલિંગ, એન્જિનિયરિંગ, ટીઆરડી, ઈલેક્ટ્રિકલ અને પરિચાલન વિભાગે સંકલનથી કોઈ ખાસ મંજૂર કામ વગર ઉપલબ્ધ સંસાધનોથી જ આ લક્ષ્ય હાંસલ કર્યું છે.

### એકની હાલત ગંભીર, વડોદરા રિફર કરાયો

# સાવલી-ઉદલપુર રોડ પર અકસ્માતમાં એકનું મોત

**સર્કિટ હાઉસ નજીક** બે બાઈક સામસામે અથડાતા અકસ્માત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21
વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાંથી ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. સાવલી-ઉદલપુર રોડ પર સર્કિટ હાઉસ નજીક બે બાઈક વચ્ચે સામસામે જોરદાર ટક્કર થતા એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, સાવલી-ઉદલપુર રોડ પર બે બાઈક ચાલકો પૂરઝડપે આવી રહ્યા હતા તે દરમિયાન સર્કિટ હાઉસ પાસે બંને વચ્ચે જોરદાર ભટકાયા હતા. જેમાં એક બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. અકસ્માતની જાણ થતા




જ આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી. અન્ય ઈજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક સારવાર માટે સાવલીની જન્મોત્રી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની હાલત ગંભીર જણાતા પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે વડોદરા રીફર કરવામાં આવ્યો હતો.

### બાઈક ચલાવતી વખતે અચાનક ખેંચ આવતા પટકાયેલા યુવકને ઈજા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧
શહેરના બાપોદ તળાવ પાસેથી બાઈક લઈને પસાર થઈ રહેલા ૩૦ વર્ષીય અમન જ્ઞાનેન્દ્ર ત્રિપાઠી નામના યુવકને અચાનક રસ્તામાં ખેંચ આવતા બાઈક પરથી નીચે પટકાવાના કારણે અકસ્માત નડ્યો હતો. બાપોદ જકાતનાકા વિસ્તારમાં રહેતા અમનભાઈ જ્યારે બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે અચાનક સ્વાસ્થ્ય બગડવાના કારણે તેમનો વાહન પરથી કાબૂ છૂટી ગયો હતો અને તેઓ નીચે પટકાતા તેમના જમણા હાથમાં અને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માત બાદ ત્વરિત ધોરણે તેમને સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હાલ સયાજી હોસ્પિટલના તબીબોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે અને રાહતના સમાચાર એ છે કે તેઓ હાલ સંપૂર્ણપણે ભાનમાં છે અને તેમની તબિયતમાં ક્રમશઃ સુધારો થઈ રહ્યો છે.

### નેચરલ ફાઉન્ડેશનની ટીમે વન વિભાગે સોંપ્યો

# કરજણના કરણ ગામની સીમમાં અજગરનું રેસ્ક્યુ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.21
કરજણ તાલુકાના કરણ ગામની સીમમાં આવેલા ખેતરમાં ખેતી કામ દરમિયાન ખેડૂતને અજગર દેખાયો હતો. અજગરને જોતાં જ ખેતર માલિકે તાત્કાલિક પાલેજ સ્થિત નેચરલ ફાઉન્ડેશનનો સંપર્ક કર્યો હતો. જાણ થતાં જ ફાઉન્ડેશનના સભ્ય મુબારક પટેલ તુરંત સ્થળ પર દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ 9 ફૂટ લાંબા અજગરને સહી-સલામત રીતે રેસ્ક્યુ કર્યો હતો. બાદમાં અજગરને વનવિભાગને સોંપવામાં આવ્યો હતો, જ્યાંથી તેને સુરક્ષિત જંગલ વિસ્તારમાં છોડી મૂકવાની કાર્યવાહી હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે, આ અગાઉ પણ પરીએજ ગામની સીમમાંથી પસાર થતી ખાડીમાંથી બે અજગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. ટૂંકા ગાળામાં ફરી અજગર દેખાતા ગ્રામજનોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### ડભોઈના પારા ગામે મહિલાને સાપ કરડ્યો, સયાજી હોસ્પિટલમાં દાખલ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧
ડભોઈ તાલુકાના પારા ગામે રહેતા ૪૦ વર્ષીય કોકિલાબેન રમેશભાઈ બારીયાને ગતરોજ અચાનક ડાબા પગમાં સાપ કરડી જવાની ઘટના બની હતી. સર્પદંશના કારણે શરીરમાં ઝેરની અસર થવા લાગી હતી અને તેમને અચાનક જ ચક્કર આવવા તથા અશક્તિ અનુભવાતા પરિવારજનો ચિંતામાં મુકાઈ ગયા હતા. ઘટનાની ગંભીરતાને પારખીને પરિવારે કોકિલાબેનને તાત્કાલિક ધોરણે વડોદરાની અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ એવી સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સયાજી હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં પહોંચતા જ તબીબી ટીમે તાત્કાલિક ધોરણે એન્ટિ-સ્નેક વેનમ અને અન્ય જરૂરી પ્રાથમિક સારવાર શરૂ કરી દીધી હતી. હોસ્પિટલના ડોક્ટરોની સતર્કતા અને સમયસૂચકતાના કારણે ઝેરની અસર વધુ ફેલાતી અટકી હતી.

### સારવાર મળે તે પહેલા જ મોત નીપજ્યું હતું

# તક્ષ ગેલેક્સી મોલ પાસે રિક્ષા પલટી,એકનું મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧
બાપોદ વિસ્તારમાં આવેલા તક્ષ ગેલેક્સી મોલ પાસે ગંભીર અકસ્માત સર્જાતા એક યુવાને જીવ ગુમાવ્યો હોવાની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. રિક્ષા પલટી ખાવાની આ દુર્ઘટનામાં ૩૪ વર્ષીય યુવાનનું ગંભીર ઈજાઓને કારણે મોત નીપજ્યું છે. મૃતક યુવાનની ઓળખ મિતેષ મગનભાઈ સોલંકી ઉંમર વર્ષ ૩૪, રહે. પરાગરાજ સોસાયટી, રંગવાટીકા પાછળ, બાપોદ, વડોદરા, તરીકે થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મિતેષભાઈ રિક્ષા લઈને નીકળ્યા હતા તે દરમિયાન હાઈવે પર આવેલા તક્ષ ગેલેક્સી મોલ અને હનુમાન મંદિરની બાજુમાં અચાનક તેમની રિક્ષા બેકાબૂ બનીને પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે રિક્ષા ચાલક મિતેષભાઈને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેઓ લોહીલુહાણ હાલતમાં રસ્તા પર પટકાયા હતા. ઘટનાની જાણ થતા જ આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ઈમરજન્સી સેવા ૧૦૮ એમ્બ્યુલન્સનો સંપર્ક કર્યો હતો. ૧૦૮ ની ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે મિતેષભાઈને વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પર હાજર તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. આ અચાનક બનેલી ઘટનાને પગલે સોલંકી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને પરિવારજનો તેમજ મિત્રવર્તુળમાં ભારે આક્રંદ જોવા મળી રહ્યો છે.

### દુમાડની IIT કોલેજના મેસમાં યુવકનો આપઘાત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧
દુમાડની આઈઆઈઆઈટી કોલેજના મેસમાં 31 વર્ષીય યુવકે બાંધકામની પાલખના પાઈપ સાથે દુપટ્ટો બાંધી આપઘાત કર્યો હતો. જ્યારે તરસાલી બાયપાસ પાસે સંબંધીના ઘરે આવેલા 19 વર્ષીય યુવકે કાકાને મળીને પરત ફરતી વખતે નેશનલ હાઈવે પર ગિરનાર હોટલ નજીક ઝાડ પર દોરડું બાંધી જીવન ટૂંકાવી દીધું હતું. બંને બનાવમાં પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. દુમાડ ગામની સીમમાં આવેલી આઈઆઈઆઈટી કોલેજના મેસ બ્લોકમાં મૂળ ઉત્તરપ્રદેશના અને હાલ દુમાડ ખાતે રહેતા વિજયપાલ નન્હે સૈનીએ તા.19 સપ્ટેમ્બરની રાત્રે સાડા અગિયાર વાગ્યાના અરસામાં મેસ બ્લોકના બીજા માળે બાંધકામ માટે બાંધવામાં આવેલી પાલખના પાઈપ સાથે ફાંસો ખાધો હતો.

### પોલીસે તમામ પાસાઓ પર તપાસ હાથ ધરી

# તરસાલી બાયપાસ પાસે ઝાડ પર લટકતો યુવકનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧
શહેરના નેશનલ હાઈવે નંબર ૪૮ પર એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે. નેશનલ હાઈવે પર આવેલી ગિરનાર હોટલ નજીક આશરે ૧૯ થી ૨૦ વર્ષની વયના એક યુવકે કોઈ અગમ્યો કારણોસર ઝાડ પર ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હોવાનું સામે આવ્યું છે. આ બનાવને કારણે પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે અને પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર યુવકની ઓળખ હરમાનભાઈ રોહિતભાઈ રાઠોડિયા તરીકે થઈ છે. આ યુવક વડોદરાના તરસાલી બાયપાસ પાસે આવેલી નવી નગરી વિસ્તારનો રહેવાસી હતો. યુવકે કયા સંજોગોમાં અને કયા કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું છે, તે અંગેનું રહસ્ય હાલ અકબંધ છે અને તે પોલીસ તપાસ બાદ જ બહાર આવશે. મૃતક યુવકના પરિવારજનોના જણાવ્યા મુજબ, યુવક તેના કાકા સાથે નોકરીની સાઈટ પર ગયો હતો. પરિવારના સભ્યો રોજિંદા કામ અર્થે બહાર ગયા બાદ પરત ફરતી વેળાએ આ બનાવ બન્યો હતો. પરિવારજનોને જ્યારે આ ઘટનાની જાણ થઈ ત્યારે તેઓ આઘાતમાં સરી પડ્યા હતા. યુવકે હસતા-રમતા આ પ્રકારનું પગલું કેમ ભર્યું તે અંગે પરિવારજનો પણ અસમંજસમાં છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે સ્થળ પર પંચનામા સહિતની પ્રાથમિક કાર્યવાહી હાથ ધરી મૃતદેહને નીચે ઉતારીને પોસ્ટમોર્ટમ અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. બનાવની જાણ થતાં જ મૃતકના પરિવારજનો અને સગા-સંબંધીઓ પણ મોટી સંખ્યામાં સયાજી હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતા. પોલીસે તમામ પાસાઓ પર તપાસ હાથ ધરી છે.

### હોર્ન વગાડવા મુદ્દે બોલાચાલી બાદ દંપતી પર હુમલો, પાંચ ઝબ્બે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21
વડોદરાના શાસ્ત્રી બ્રિજ વિસ્તારમાં હોર્ન વગાડવા તેમજ ઓવર ટેક જેવી નાની બાબતે થયેલી બોલાચાલી એકાએક ઉગ્ર બની હતી. આ મામલો વકરતાં પાંચથી છ જેટલા યુવકોએ દંપતી સાથે જાહેરમાં મારામારી કરી હુમલો કર્યો હતો. અને ટ્રાફિક પણ જામ કરી દીધો હતોઘટનાને પગલે દંપતીએ ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી હુમલામાં સંડોવાયેલા પાંચ શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જાહેર રસ્તા પર થયેલી મારામારીના બનાવથી લોકોમાં પણ ચકચાર મચી હતી. નજીવી બાબતે થયેલી બોલાચાલી બાદ યુવકોએ કાયદો હાથમાં લઈ જાહેરમાં દંપતી સાથે મારામારી કરતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉઠ્યા છે.

### બુટલેગર પ્રેમીલા તેના પતિ વિશાલ સહિત 3 ફરાર

# કપુરાઈ ગામમાં દારૂના પીઠા દરોડો, ચાર શખસ ઝડપાયા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21
સ્ટેટ મોનિટરિંગ સેલે કપુરાઈ ગામમાં દરોડો પાડીને લીસ્ટેડ બુટલેગર વિશાલ અને તેની પત્ની પ્રેમીલાના ધમધમતા દારૂના પીઠાનો પર્દાફાશ કર્યો છે. સ્થળ ઉપરથી એસએમસીએ રૂપિયા 8.10 લાખનો વિદેશથી દારૂનો જથ્થા સાથે ચાર આરોપીઓને ઝડપી પાડ્યા હતા. જ્યારે દારૂનો જથ્થો લાવી ચલાવનાર બુટલેગર દંપતી સહિત ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને બાતમી મળી હતી કે કપૂરાઈ ગામમાં લીસ્ટેડ બુટલેગર વિશાલ અને તેની પત્ની પ્રેમીલા મોટાપાયે દારૂનો મોકલો કરે છે. જેના આધારે એસએમસીએ 20 સપ્ટેમ્બરના રોજ વડોદરા ગ્રામ્યના કપુરાઈ ગામના કુવાવાળા ફળિયામાં પ્રેમીલાબેન વિશાલ પ્રજાપતિ તથા વિશાલ છના પ્રજાપતિના રહેણાક મકાનમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન વિદેશી દારૂ તથા બિયરના ટીન મળી 3,059 નંગ રૂ.8.10લાખનો જથ્થો મળી આવ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે રૂ.8.50 લાખની કિંમતના બે ફોરવ્હીલર, ચાર મોબાઈલ રૂ.17 હજાર તથા રોકડા રૂ.4,500 સહિત રૂ.16.81 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. દારૂના જથ્થા સાથે સતીષ સંજય પાટણવાડિયા ઝડપાયો હતો. ઉપરાંત દારૂના પીઠા પર દારૂ પીવા આવેલા રમેશ પુંજા વાઘેલા, જયકુમાર નૈનેશકુમાર ભટ્ટ અને રૂદ્ર ઘનશ્યામ પટેલને પણ ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે દારૂનો જથ્થો લાવી પીઠું ચલાવનાર પ્રેમીલાબેન વિશાલ પ્રજાપતિ, વિશાલ છના પ્રજાપતિ તથા દારૂનો જથ્થો પૂરો પાડનાર પરેશ ઉર્ફે ચકોને વોન્ટેડ જાહેર કર્યા છે. એસ એમ સી એ દરોડો પાડી આરોપીઓને પકડ્યા પરંતુ વરણામા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઉંઘતો ઝડપાયો હતો.

### એડ્રોઈટ ઈન્ડસ્ટ્રીઝનો IPO ૨૩ સપ્ટેમ્બરથી ખુલશે

વડોદરાઃ પ્રોપેલર શાફ્ટ્સ અને ટોર્ક-ટ્રાન્સમિશન કમ્પોનેન્ટ્સ બનાવતી એડ્રોઈટ ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડિયા) લિમિટેડનો ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (IPO) બુધવાર, 23 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે અને 25 સપ્ટેમ્બરે બંધ થશે. કંપની અપર પ્રાઈસ બેન્ડના આધારે આશરે 150.71 કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. કંપનીના શેર BSE અને NSE પર લિસ્ટ થશે. IPOમાં 10ની ફેસ વેલ્યૂ ધરાવતા 1,12,47,000 સુધીના ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે. તેમાં 98,97,000 શેરનો ફ્રેશ ઈશ્યૂ અને 13,50,000 શેરનો OFS સામેલ છે. શેરની પ્રાઈસ બેન્ડ 126થી 134 અને લોટ સાઈઝ 111 શેર છે. ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ માટે 50%થી વધુ નહીં, નોન-ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ માટે ઓછામાં ઓછા 15% અને રિટેલ રોકાણકારો માટે ઓછામાં ઓછા 35% હિસ્સો અનામત રહેશે. રકમનો ઉપયોગ દેવાસ અને પિથમપુર ફેસિલિટીમાં મશીનરી-સાધનોની ખરીદી, પરિવહન વાહનો, પેટાકંપનીની કેટલીક લોનની ચુકવણી તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરશે.

### વાસણો વેચવા ઓટોરિક્ષામાં નીકળેલા મહિલા-પુરુષને ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યા

# અકોટામાં પડોશી મહિલાએ જ સાગરીત સાથે મળીને ચોરી કરી હોવાનો પર્દાફાશ

**બંને પાસેથી રૂ.1.30 લાખનો** મુદ્દામાલ રિકવર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21
વડોદરાના અકોટા નવી ચાલ વિસ્તારમાં તા.4થી 8 સપ્ટેમ્બર દરમિયાન બે બંધ મકાનોને તસ્કરોએ નિશાન બનાવી દરવાજાના નકુચા તોડી ઘરફોડ ચોરી કરી હતી. એક મકાનની તિજોરીનું લોક તોડી સોના-ચાંદીના દાગીના તથા તાંબા-પિત્તળના વાસણો અને બીજા મકાનમાંથી ચાંદીના દાગીના, રૂ.20 હજાર રોકડા, એલ્યુમિનિયમના સાત મોટા તપેલા તથા કાંસાના 15 વાટકા સહિત રૂ.81 હજારની મત્તા ચોરી થઈ હતી. આ અંગે અકોટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલવા ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરી હતી. દરમિયાન અજબડી મીલ રોડ પર એક મહિલા અને પુરુષ ઓટોરિક્ષામાં તાંબા-પિત્તળના



વાસણો વેચવા આવ્યા હોવાની બાતમી મળતા અરબના તકિયા પાસે ઓટોરિક્ષા અટકાવી તપાસ કરવામાં આવી હતી. ઓટોરિક્ષામાંથી પિત્તળની ચાર ડોલ, બેડાની સાત જોડી, તાંબાની ડેગચી, પિત્તળની 12 થાળી, કાંસાના 16 વાટકા, તાંબાના ત્રણ લોટા અને એલ્યુમિનિયમના સાત તપેલા મળી આવ્યા હતા. વાસણોના બિલ કે માલિકી અંગેના પુરાવા માંગતા બંને કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. કડક પૂછપરછમાં અકોટા નવી ચાલમાં રહેતી જ્યોતીબેન રયજી શેખલીયાએ આશરે દસ દિવસ અગાઉ રાત્રિના સમયે સાથી સુનીલ ઉર્ફે જેરી પ્રવિણ સોલંકી સાથે મળી પડોશીના ઘરમાંથી વાસણોની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. ક્રાઈમ બ્રાન્ચે બંનેની ધરપકડ કરી ચોરીના વાસણો તથા મુદ્દામાલ સગેવગે કરવા ઉપયોગમાં લેવાયેલી ઓટોરિક્ષા કબજે કરી છે. કબજે કરાયેલા વાસણોની કિંમત રૂ.30 હજાર અને ઓટોરિક્ષાની કિંમત આશરે રૂ.1 લાખ મળી રૂ.1.30 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે.

### તરસાલી તળાવ પાસે પ્રોવિઝન સ્ટોરના કર્મચારીને માર માર્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21
વડોદરામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઉભા કરતી વધુ એક ઘટના સામે આવી છે. શહેરમાં અસામાજિક તત્વો બેફામ બન્યા હોય અને તેમને ખાખીનો કોઈ ખોફ ન હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે. આ ઘટના તરસાલી તળાવ પાસે આવેલા ગુપ્તા પ્રોવિઝન સ્ટોર ખાતે બની હતી. મળતી માહિતી મુજબ, પાણીની બોટલ લેવા આવેલા ચાર જેટલા શખ્સોએ નજીવી બાબતે દુકાનમાં કામ કરતા વ્યક્તિ સાથે બોલાચાલી કરી હતી અને ત્યારબાદ તેને દુકાનની બહાર ખેંચીને માર માર્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો ત્યાં હાજર એક વ્યક્તિએ પોતાના મોબાઈલમાં કેદ કરી લીધો હતો, જે હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં ચારેય શખ્સો યુવકને માર મારતા સ્પષ્ટપણે દેખાઈ રહ્યા છે. આ ઘટના સામે આવતા જ પોલીસ હરકતમાં આવી છે અને વાયરલ વીડિયોને આધારે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.